એક દિવસીય તાલીમ-વ-લોકજાગૃતિ કાર્યક્રમ

## "પાકની વિવિધ જાતોનું સંરક્ષણ અને ખેડુત અધિકાર અધિનિયમ"

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી દેવાતજ દ્વારા તા.૧૯/૦૨/૨૦૧૫ના રોજ અનિકેત, આણંદ ખાતે "પાકની વિવિધ જાતોનું સંરક્ષણ અને ખેડુત અધિકાર અધિનિયમ' વિષય પર એક દિવસીય તાલીમ-વ-લોકજાગૃતિ કાર્યક્રમ યોજેલ હતો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના પ્રોગ્રામ કોઓર્ડિનેટરશ્રી ડો. જી.જી.પટેલે પધારેલ સર્વે મહાનુભાવો તથા ખેડુતોનું શાબ્દિક સ્વાગત કર્યું અને આ તાલીમ બાબતે જણાવ્યું કે છોડનીજાતો, ખેડુતો અને પ્લાન્ટ બ્રીડરના અધિકારોની સુરક્ષા અને છોડની નવી જાતોના વિકાસ માટે, છોડના આનુવંશિક સ્ત્રોતોના સંરક્ષણ, તેમાં સુધાર અને એને ઉપલબ્ધ કરવા માટે કોઇપણ સમયે ખેડુતો દ્વારા કરવામાં આવેલા યોગદાનને માન્યતા પ્રાપ્ત થાય અને તેમના અધિકારો સુરક્ષિત રાખવાના હેતુથી ભારત સરકારે છોડની જાતો ખેડુત અધિકાર સંરક્ષણ અધિનિયમન ૨૦૦૧ને સ્યુ જેનેરીસ પ્રણાલી અપનાવી લાગુ કર્યો તેમજ કાયદાની જોગવાઇઓ અમલમાં મૂકવા માટે કૃષિ અને સહકાર કૃષિ મંત્રાલય દ્વારા ૧૧ નવેમ્બર ૨૦૦૫ના રોજ "છોડ જાત રક્ષણ અને ખેડુત અધિકાર પ્રાધિકરણ" ની સ્થાપના કરવામાં આવી તે અંગે ખેડુતોને સમજ આપી. આ કાર્યક્રમમાં માનનીય વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડો. પી. પી. પટેલે અધ્યક્ષસ્થાનેથી પ્રસંગોચિત ઉદબોધનમાં ખેડુતોએ વિકસાવેલ જાતો તેમજ જે તે વિસ્તારમાં વર્ષોથી ઉગાડવામાં આવતી જાતોની આ અધિનિયમ હેઠળ નોંધણી કરાવવા ભારપૂર્વક જણાવ્યું હતુ અને ખૂબ જ બહોળી સંખ્યામાં ખેડુતોની હાજરી જોઇ તેમને ધન્યવાદ આપ્યા હતા તેમના હસ્તે આ કાર્યક્રમ માટે ખાસ તૈયાર કરવામાં આવેલ પુસ્તિકા "પાકની વિવિધ જાતોનું સંરક્ષણ અને ખેડુત અધિકાર માર્ગદર્શિકા" તેમજ ફોલ્ડર "છોડ જાત અને ખેડુત અધિકાર રક્ષણ પ્રાધિકરણ, કૃષિ મંત્રાલય, ભારત સરકાર" નું વિમોચન કર્યુ હતું કાર્યક્રમમાં ઉપસ્થિત ડો. આર. વી. વ્યાસ, પ્રિન્સીપાલ અને ડીનશ્રી, IABMI, આણંદે, ભૌગોલિક નિર્દેશ અનુસાર જાતોની નોંધણી કરાવવા જણાવેલ અને ખેડુતોના અધિકાર પરત્વે પ્રાયોગિક મુદ્દાઓની વિસ્તૃત છણાવટ કરેલ તેમજ ડો એચ. એલ. ધડુક, સહ પ્રાધ્યાપક, પ્લાન્ટ બ્રીડીંગ અને જીનેટીકસ, બી.એ.સી.એ. દ્વારા ખેડુતોને આ અધિનિયમ હેઠળની વિશેષ સમજ આપી ખેડુતોને માહિતગાર કર્યા અને ખેડુતોના પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ સૂચવેલ હતુ અંતમાં ખેડુતોના ઇન્ટરેક્ટીવ સેશનમાં એટીક ઇન્ચાર્જ, ડો. બી. એચ. પટેલે સામૂહિક વળતર મેળવવા માટે સ્થાનિક પાકની જાતોની નોંધણી કરાવવા જણાવેલ અંતમાં કેન્દ્રના વિષય નિષ્ણાત (પાક સંરક્ષણ) ડો. પી. બી. પટેલે આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો, વક્તાઓ તેમજ ખેડુતોનો આભાર માન્યો હતો.





